કામકાજના સ્થળે મહિલાઓની જાતિય સતામણી અટકાવવા આંતરિક ફરિયાદ નિવારણ સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પરચ-૧૦-૨૦૦૫-૪૪૬-ઇ
સચિવાલય, ગાંધીનગર,
તા.૨૪/03/૨૦૨૧

વંચાણે લીધા:-

(૧) સા.ન્યા.અ.વિ.નો તા.૨૧/૦૯/૨૦૨૦ નો ઠરાવ ક્રમાંકઃપરચ/૧૦/૨૦૦૫/૪૪૬/ઈ

ઠરાવ:-

ભારત સરકારશ્રીના કાયદા અને ન્યાય મંત્રાલય દ્વારા તા.૨૩-૦૪-૨૦૧૩ના રોજ બહાર પાડવામાં આવેલ જાહેરનામાં અન્વયે સરકારશ્રીના વિભાગો અને કચેરીઓ, રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ/કોર્પોરેશનો, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, સરકાર માન્ય સ્વાયત્ત સંસ્થાઓમાં નોકરીના સ્થળોએ નોકરી કરતી મહિલાઓ સાથે થતી જાતિય સતામણી સંબંધમાં થતી ફરિયાદોના નિવારણ માટે અને સર્વોચ્ચ અદાલતની માર્ગદર્શક સૂચનાઓ મુજબ દરેક વિભાગ કક્ષાએ પણ આવી સમિતિની રચના કરવાની રહે છે. વંચાણે લીધેલ ક્રમ (૧) હેઠળના અત્રેના તા.૨૧/૦૯/૨૦૨૦ના ઠરાવથી સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ ખાતે મહિલાઓ સાથે થતી જાતિય સતામણી સંબંધમાં થતી ફરિયાદોના નિવારણ માટે આંતરિક "ફરિયાદ નિવારણ" સમિતિની રચના કરવામાં આવેલ. આ "આંતરિક ફરિયાદ નિવારણ સમિતિ"ની નીચે મુજબ પુન: રચના કરવામાં આવે છે.

| ક્રમ | નામ | હોદો | |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી એસ.યુ.પરીખ | ઉપ સચિવ, વર્ગ-૧ | અધ્યક્ષ |
| ૨. | કુ.કિર્તીબેન ચૌહાણ | સેકશન અધિકારી, વર્ગ-૨ | સભ્ય સચિવ |
| ૩. | શ્રીમતી ભૂમિકા પટેલ | સેકશન અધિકારી, વર્ગ-૨ | સભ્ય |
| ૪. | શ્રીમતી સોનાલી પ્રિયદર્શી | નાયબ સેકશન અધિકારી | સભ્ય |
| ૫. | શ્રીમતી એચ.બી.ઠાકોર | નિવૃત સેકશન અધિકારી | બિન સરકારી સભ્ય |

(૧) સમિતિનું કાર્યક્ષેત્ર સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના કર્મચારી/અધિકારીઓ પુરતુ રહેશે.

(૨) સમિતિમાં નિયુક્તિ પામેલ અધિકારી/કર્મચારીઓની મુદ્દત નિમણૂંકની તારીખથી ૩ વર્ષની અથવા તેઓની બદલી/નિવૃતિ જેવા પ્રસંગો બને એ બે માંથી જે વહેલું હોય ત્યાં સુધી રહેશે અને પુનઃનિયુક્તિ માટે પાત્ર રહેશે.

(૩) સમિતિના બિન સરકારી સભ્યોને નિયમ અનુસાર બેઠકના દિવસ માટે ભથ્થું અને પરિવહન ખર્ચ આપવામાં આવશે.

(૪) સમિતિ તેને મળેલી ફરિયાદો પર ચર્ચા-વિચારણા કરશે અને તેના નિવારણ માટે યોગ્ય પગલા લેવા સરકારશ્રીને જરૂરી ભલામણો કરશે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સંગીતા પટણી)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧, સરદાર ભવન, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨, સરદાર ભવન, ગાંધીનગર.
- અ.મુ.સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નોડલ અધિકારી શ્રીમતી યુ.કે.પાઠક, ઉપ સચિવ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શ્રીમતી એસ.યુ.પરીખ, ઉપ સચિવ , સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કુ.કિર્તીબેન ચૌહાણ, સેકશન અધિકારી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શ્રીમતી ભૂમિકા પટેલ, સેકશન અધિકારીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શ્રીમતી સોનાલી પ્રિયદર્શી, નાયબ સેકશન અધિકારીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શ્રીમતી એચ.બી.ઠાકોર, નિવૃત સેકશન અધિકારી,પ્લોટ નં.૩૪/૧, સેકટર-૪ એ, ગાંધીનગર.
- સર્વે સંયુકત સચિવ/નાયબ સચિવ/ઉપ સચિવશ્રીઓ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, બ્લોક નં૯/૬માળે સચિવાલય, ગાંધીનગર.
- સર્વે સેકશન અધિકારીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી.
- સ્ટોર ઇનચાર્જશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ કામકાજના સ્થળે મહિલાઓની જાતિય સતામણી (ફરિયાદોનું નિવારણ, રક્ષણ તેમજ સુધારણા) અધિનિયમ-૨૦૧૩ અન્વયે વિભાગની "આંતરિક ફરિયાદ નિવારણ સમિતિ"ના અધ્યક્ષ, સભ્ય સચિવ તથા સભ્યોની વિગત દર્શાવતું બોર્ડ તૈયાર કરીને વિભાગના પ્રવેશ દ્વાર પાસે જોઇ શકાય તે રીતે મૂકવા કાર્યવાહી કરવા વિનંતી છે.
- રજીસ્ટ્રી ઇનચાર્જશ્રી/રોકડ ઇનચાર્જશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ-૨૦૨૧